# <u>ગુમ /અપહરણ થયેલ બાળકિશોરને શોધી કાઢતી ખટોદરા પોલીસ</u>

ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ/અપહરણ બનાવો બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સર્વેલન્સ પો.સ.ઈ.તથા પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન અ.પો.કો.દિગ્વિજયસિહ હરીશસિહ તથા અ.પો.કો.વિજયભાઈ કમાભાઈ નાઓને સંયુક્ત રીતે બાતમીના આધારે એક શંકાસ્પદ ઈસમને પકડી પાડી નામઠામ પુછતા કરણ ઉર્ફે અર્જુન ઉર્ફે દેવસીંગ S/O મુન્નાસીગ બિધ્યાબકાસસીંગ રાજપુત ઉવ-૧૭ રહે-૨૪૪૩, પંચવટી સોસા., શિવ ચેનલની ઓફિસની ઉપર ગુજરાત હા.બોર્ડ પાંડેસરા, સુરત તથા માતા પિતાના નામ સરનામા બાબતે પુછતા યોગ્ય જવાબ આપતો ન હોય અને કંઈક અણબનાવ બનેલાની શંકા જતા તેને અત્રે પોલીસ સ્ટેશનામાં લાવી પુછપરછ કરતાં તેણે કબુલાત કરેલ કે તેના માતા-પિતા ભણવા માટે દબાણ કરતા અને તેના પિતાજી તેને અભ્યાસ કરવા માટે વતનમાં મોકલતા હતા અને તેને ગામ જવુ ગમતુ  ન હતુ જેથી તા.૦૬/૦૭/૧૮ ના રોજ ઘરેથી  કયાંક ચાલી ગયેલ અને  વિવિધ વિસ્તારમાં ફરતો રહેતો  હતો અને જે અલથાણ વી.આઈ.પી.રોડ સાડીના ગોડાઉન ઉપર મજુરી કામ પર લાગી ગયેલ એવી હકિકત  જણાવતાં હોય જે અંગે પાંડેસરા પો.સ્ટે. તપાસ કરતાં પાંડેસરા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૫૭/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુન્હો  દાખલ થયેલ જે વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રશંસનિય કામગીરી કરવામાં આવેલ છે.